તબીબી શિક્ષણ અને સંશોધન, ગાંધીનગર

વિધાનસભાના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫/૩/૫૪૩

પ્રશ્ન પુછનાર : માન. ધારાસભ્યશ્રી ડી. કે. સ્વામી (જંબુસર)

વિષયઃ રાજ્યમાં નવી બોયઝ હોસ્ટેલનું બાંધકામ

---

પુરક નોંધ,–

રાજ્યમાં સુરત, અમદાવાદ, જામનગર અને ભાવનગર ખાતે મળી કુલ ચાર (૪) નવી બોયઝ હોસ્ટેલોના બાંધકામનું આયોજન કરવામાં આવેલ છે, જેની વિગતો તેમજ તે અંગે મંજુર થયેલ રકમ અને હાલની સ્થિતિની વિગતો નીચે મુજબ છે.

| અં. નં. | નવી બોયઝ હોસ્ટેલ | મંજુર રકમ (રૂા. કરોડમાં) | હાલની સ્થિતિ |
|---|---|---|---|
| ૧ | સુરત | ૮૮.૦૦ | પ્રગતિમાં |
| ૨ | અમદાવાદ | ૬૫.૦૦ | પ્લાનિંગ લેવલ |
| ૩ | જામનગર | ૬૦.૦૦ | પ્લાનિંગ લેવલ |
| ૪ | ભાવનગર | ૬૦.૦૦ | પ્લાનિંગ લેવલ |
| | કુલઃ– | ૨૭૩.૦૦ | |

નમુનો–૧

અગ્રતા ક્રમાંકઃ– ૧૫

વિભાગઃ– આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

તારાંકિત પ્રશ્નઃ– ૧૫/૩/ ૫૪૩

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખઃ– ૧૪/૦૯/૨૦૨૩

પ્રશ્નનું શિર્ષકઃ– રાજયમાં નવી બોયઝ હોસ્ટેલનું બાંધકામ

પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામઃ– માન. ધારાસભ્યશ્રી
શ્રી ડી. કે. સ્વામી

મત વિસ્તારઃ– જંબુસર

અગ્રતા ક્રમ નં:- ૧૫/૩/ ૫૪૩

તારાંકિત પ્રશ્ન ક્રમાંક:- ૫૪૩

માન.ધારાસભ્યશ્રીનું નામ:- શ્રી ડી. કે. સ્વામી

પ્રશ્ન-૧ રાજ્યમાં હાલમાં કઈ સરકારી મેડીકલ કોલેજો ખાતે હોસ્ટેલ બનાવવાની કામગીરી વિચારણા હેઠળ છે?

જવાબ-૧ રાજ્યમાં હાલમાં સરકારી મેડીકલ કોલેજ, સુરત , જામનગર, અમદાવાદ અને ભાવનગર ખાતે હોસ્ટેલ બનાવવાની કામગીરી વિચારણા હેઠળ છે.

- જામનગર મેડીકલ કોલેજ, ખાતે હાલમાં ૧૨૫૦ યુ.જી.ના વિદ્યાર્થીઓ, ૩૦૦ ઇન્ટર્ન ડોકટરો તેમજ પી.જી.ના ૭૫૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આમ હાલમાં કુલ-૨૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ એમ.પી.શાહ મેડીકલ કોલેજ, કેમ્પસ ખાતે રહે છે. કેમ્પસમાં આવેલ તમામ હોસ્ટેલોનું બાંધકામ ૪૦ થી ૬૦ વર્ષ જુનુ છે. અને ઘણા રુમો જર્જરીત હાલતમાં હોઇ વિદ્યાર્થીઓને સલામતીને ધ્યાને લઇ પી.આઇ.યુ. ધ્વારા સ્ટ્રક્ચરલ સર્વે કરી **G-5** કેટટરીમાં મુકવામાં આવેલ છે. જેને ધ્યાને લઇ સરકારશ્રી ધ્વારા નવી હોસ્ટેલ બનાવવા વિચારણા કરવામાં આવેલ છે.
- ભાવનગર- ભાવનગર મેડીકલ કોલેજ ૫૦ બેઠકો સાથે ૧૯૯૫ માં શરુ કરવામાં આવેલ, જેની હાલની બેઠક ક્ષમતા ૨૦૦ ની છે. જયારે વર્ષ-૨૦૦૨ માં માત્ર ૧૨ અનુસ્નાતક બેઠકો હતી જે હાલમાં ૧૨૦ થયેલ છે. જેને કારણે કેમ્પસ ખાતે વિદ્યાર્થીઓને રહેવા માટે નવી હોસ્ટેલની જરુરીયાત ઉભી થતા સરકારશ્રી ધ્વારા નવી હોસ્ટેલ બનાવવા વિચારણા કરવામાં આવેલ છે.
- બી.જે.મે.કો.અમદાવાદ- બી.જે.મેડીકલ કોલજ ખાતે યુ.જી.ના ૨૫૦ વિદ્યાર્થીઓ, પી.જી.ના ૩૨૬ વિદ્યાર્થીઓ, સુપર સ્પેશ્યાલીટીના- ૫૦ તથા ૨૫૦ જેટલા સીનીયર રેસીડેન્ટ ડોકટરો દર વર્ષે પ્રવેશ મેળવે છે. હાલમાં કેમ્પસ ખાતે ઉપલબ્ધ પી.જી. હોસ્ટેલોમાં ૯૦૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થઇ શકે છે. બાકીના રેસીડેન્ટ ડોકટરો માટે નર્સીંગ કોલેજની જુની હોસ્ટેલમાં વ્યવસ્થા કરવામાં આવેલ છે. તે ઉપરાંત રાજયની જી.એમ.ઇ.આર.એસ. મેડીકલ કોલેજના ડી.એન.બી. તથા સી.પી.એફ ના વિદ્યાર્થીઓ પણ રોટેશનલ પોસ્ટીંગથી આવતા હોઇ જેની પણ વ્યવસ્થા કરવાની થતી હોય જેથી રાજય સરકાર ધ્વારા નવી હોસ્ટેલ બનાવવા વિચારણા કરવામાં આવેલ છે.
- મેડીકલ કોલેજ, સુરત – મેડીકલ કોલેજ, સુરત ખાતેની હોસ્ટેલનું બાંધકામ ૩૬ વર્ષ જેટલું જુનુ અને જર્જરીત હાલતમાં છે. જેને તોડીને નવી બનાવવાની થાય છે. ઉપરાંત સંસ્થા ખાતે હાલમાં ૨૦૦ થી વધારે અનુસ્નાતકના વિદ્યાર્થીઓ અને ૨૫૦ સ્નાતકના વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જુની હોસ્ટેલો ભયજનક હોવાથી તેમાં વિદ્યાર્થીઓ રહી શકે તેમ નથી. આથી નવી હોસ્ટેલ બનાવવા વિચારણા કરવામાં આવેલ છે.

અગ્રતા ક્રમ નં:- ૧૫/૩/ ૫૪૩

તારાંકિત પ્રશ્ન ક્રમાંક:- ૫૪૩

માન.ધારાસભ્યશ્રીનું નામ:- શ્રી ડી. કે. સ્વામી

| | |
|---|---|
| પ્રશ્ન-૨ | રાજ્યની સરકારી મેડીકલ કોલેજો ખાતે હોસ્ટેલ બનાવવાની મંજુરી સરકારશ્રી ધ્વારા ક્યારે આપવામાં આવેલ છે**?** |
| જવાબ-૨ | મેડીકલ કોલેજ સુરત ખાતે નાણાકીય વર્ષ-૨૦૨૧-૨૨માં તથા બી.જે.મેડીકલ કોલેજ**,** અમદાવાદ, એમ.પી.શાહ મેડીકલ કોલેજ,જામનગર તથા મેડીકલ કોલેજ ભાવનગર ખાતે નાણાકીય વર્ષ-૨૦૨૩-૨૪માં સરકારશ્રી ધ્વારા ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે |

અગ્રતા ક્રમ નં:–　　　　　　　૧૫/૩/ ૫૪૩

તારાંકિત પ્રશ્ન ક્રમાંક:–　　　　　૫૪૩

માન.ધારાસભ્યશ્રીનું નામ:–　શ્રી ડી. કે. સ્વામી

પ્રશ્ન–૩　　ઉક્ત હોસ્ટેલો બનાવવાની કામગીરી હાલમાં ક્યા તબક્કે છે**?**

જવાબ–૩　　સુરત ખાતેની હોસ્ટેલનું બાંધકામ પ્રગતીમાં છે**,** જ્યારે અમદાવાદ**,** જામનગર અને ભાવનગર ખાતેની હોસ્ટેલોનું બાંધકામ પ્લાનીંગ લેવલે છે.

અગ્રતા ક્રમ નં:- ૧૫/૩/ ૫૪૩

તારાંકિત પ્રશ્ન ક્રમાંક:- ૫૪૩

માન.ધારાસભ્યશ્રીનું નામ:- શ્રી ડી. કે. સ્વામી

પ્રશ્ન-૪ ઉક્ત હોસ્ટેલોના બાંધકામ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે**?**

જવાબ-૪ ઉક્ત હોસ્ટેલ પૈકી સુરત ખાતે રૂ.૮૮.૦૦ કરોડ**,** અમદાવાદ ખાતે રૂ.૬૫.૦૦ કરોડ**,** જામનગર ખાતે રૂ.૬૦.૦૦ કરોડ અને ભાવનગર ખાતે રૂ.૬૦.૦૦ કરોડ આમ હોસ્ટેલના બાંધકામ માટે રાજય સરકારશ્રી ધ્વારા કુલ રૂ. ૨૭૩.૦૦ કરોડ મંજુર કરવામાં આવેલ છે.

અગ્રતા ક્રમ નં:– ૧૫

તારાંકિત પ્રશ્ન ક્રમાંક:– ૧૫**/**૩/ ૫૪૩

માન.ધારાસભ્યશ્રીનું નામ:–

પ્રશ્ન–૧ રાજ્યમાં હાલમાં કઈ સરકારી મેડીકલ કોલેજો ખાતે હોસ્ટેલ બનાવવાની કામગીરી વિચારણા હેઠળ છે**?**

અગ્રતા ક્રમ નં:-　　　　　　　　　૧૫

તારાંકિત પ્રશ્ન ક્રમાંક:-　　　　　　　૧૫**/**૩/ ૫૪૩

માન.ધારાસભ્યશ્રીનું નામ:-

પ્રશ્ન-૨　　　　　રાજયની સરકારી મેડીકલ કોલેજો ખાતે હોસ્ટેલ બનાવવાની મંજુરી સરકારશ્રી ધ્વારા ક્યારે આપવામાં આવેલ છે**?**

અગ્રતા ક્રમ નં:-                    ૧૫

તારાંકિત પ્રશ્ન ક્રમાંક:-                ૧૫/૩/ ૫૪૩

માન.ધારાસભ્યશ્રીનું નામ:-

પ્રશ્ન-૩        ઉક્ત હોસ્ટેલો બનાવવાની કામગીરી હાલમાં ક્યા તબક્કે છે?

અગ્રતા ક્રમ નં:– ૧૫

તારાંકિત પ્રશ્ન ક્રમાંક:– ૧૫/૩/ ૫૪૩

માન.ધારાસભ્યશ્રીનું નામ:–

પ્રશ્ન–૪ ઉક્ત હોસ્ટેલોના બાંધકામ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે?